ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ખોટો ફસાવી દીધો... આમ આદમીને મોંઘી સીડી ન જ પોસાય... એટલે જાતે બનાવતો હશે... અને આ લોકો...!!

# સે-૨૪ અને ગોકુલપુરામાં પાણીની પોકાર ડામવા માટે નવા બોર બનશે

### સે-૨૬માં બે વર્ષથી બંધ પાણીનો બોર શરૂ કરાશે

ગાંધીનગર તા ૭

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર ડામવા માટે તંત્ર દ્વારા નવિન બોર બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે શહેરમાં પણ સે-૨૪ અને ગોકુલપુરા વિસ્તારમાં પાણી પુરતા ફોર્સથી મળતુ ન હોવાના લીધે તંત્ર દ્વારા નવા બોર બનાવવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. આ માટે તંત્ર દ્વારા દરખાસ્ત પણ કરી દેવાઈ છે. જયારે સે-૨૬માં પણ પાણીનો બોર છેલ્લા બે વર્ષથી બંધ હોવાથી બોરનુ સમારકામ હાથ ધરવામાં આવશે.

શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાના અભાવ વચ્ચે પાણીની પોકાર ગ્રામજનો માટે હાલાકીનુ કારણ બની છે. દાયકાઓના અંતે પણ ગામોના વિવિધ વિસ્તારમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા ગામોમાં પાણીના નવા બોર બનાવવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી.વિભાગ દ્વારા આ દરખાસ્તને મંજુરી આપી દેવાતા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી બોર બનાવવા માટે એજન્સીને વર્ક ઓડર આપી દેવાયો છે.ટુંકમાં જ બોર બનાવવાનુ કામ શરૂ પણ કરી દેવાશે. જયારે શહેરના સેકટરોમાં પણ પાણી પોકાર સમયાંતરે ઉઠવા પામે છે. હાલ નર્મદાના પાણીની સાથે સેકટરોમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે બોરનુ પાણી પણ સપ્લાય કરવામાં આવે છે. જયારે સે-૨૪ અને ગોકુળપુરા વિસ્તારમાં પણ પાણીની સમસ્યા ઉભી થવા પામી છે આ વિસ્તારમાં પુરતા ફોર્સથી પાણી ન આવતા સેકટરવાસીઓને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા નવા બોર બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ટુંકમાં દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ બોર બનાવાનુ કામ હાથ ધરાશે. સે-૨૬માં પણ છેલ્લા બે વર્ષથી બોર બંધ હાલતમાં છે.આ બોરનુ પણ સમારકામ હાથ ધરાશે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે મેલેરીયા વિરોધી ટીમ દ્વારા ફોગીંગ કરવામાં આવ્યું હતું.

● ગાંધીનગર તાલુકાની વિભાજીત કરાયેલ સાદરા-મોતીપુરા ગ્રામ પંચાયતના વહીવટદાર તરીકે સર્કલ ઓફિસર ડામોરની નિમણુંક કરી દેવામાં આવી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા પદયાત્રીઓ માટે બે મોબાઈલ ટીમ સેવાઓ બજવાશે. આ ઉપરાંત ૧૨ જેટલા સ્થાનો પર ખાસ કેન્દ્રો શરૂ કરવામાં આવશે.

● સચિવાલયની ન્યુ ક્રેડીટ સોસાયટીએ કરાર આધારિત કર્મચારી જે સભાસદ નોંધાયા હોય તેમને રૂ. ૨ લાખની મર્યાદામાં લોન આપવાનો નિર્ણય કરેલ છે.

● ન્યુ ક્રેડિટ સોસાયટીએ દિવાળી ભેટ તરીકે ઈન્ડક્શન બેઝ કુકીંગ સેટ સભાસદોને આપવાનો નિર્ણય પણ કરેલ છે.

● ગ્રામ વિકાસ યોજનાઓના અમલીકરણ અંગેની સમીક્ષા માટે ખાસ વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં ભક્તિનું ઘોડાપુર આવ્યુ છે. શ્રાવણ બાદ ગણેશ ચતુર્થી અને હવે ભાદરવી પૂનમ અને એકાદશીના મેળાઓને લઈ સમગ્ર વાતાવરણ ભક્તિસભર બની ગયું છે.

## ગૌણસેવા ૧૬ ઓક્ટોબરે જ વર્ગ-૩ ક્લાર્કની પરીક્ષા લેશે

ગાંધીનગર, તા. ૭

રાજ્યભરમાં છેલ્લા ઘણા સમયથી યુવાનો દિવસ-રાત એક કરી બિનસચિવાલય સચિવાલયની તનતોડ મહેનત કરી રહ્યા છે. તે તમામ યુવાનો માટેની ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે તમામ પરીક્ષા સંબંધિત તૈયારીઓને આખરી ઓપ આપી દિધો છે. અને તેની પરીક્ષા પણ જાહેર થયેલી તારીખ આગામી ૧૬મી ઓક્ટોબર ૨૦૧૬ના રોજ રાજ્યભરના વિવિધ કેન્દ્રો પર યોજાશે. જેમાં અંદાજીત ૮ લાખ જેટલા યુવાનો પરીક્ષા આપશે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રાજ્યભરની વિવિધ કચેરીમાં અને સચિવાલયમાં વર્ગ-૩ની ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે કેલેન્ડર વર્ષ મુજબની ૨૯૪૯ જગ્યાઓ માટે જાહેરાત પ્રસિદ્ધ કરી હતી. પરીક્ષાની જાહેરાતને લઈ રાજ્યના લાખો યુવા બે રોજગારોએ ઉત્સુકતા દાખવી તનતોડ મહેનત કરી રહ્યા છે. પરંતુ ઈબીસીના કોટામાં આવક મર્યાદામાં વધારો કરી ફોર્મ ભરતા હવે રાજ્યમાં ઈબીસી સિસ્ટમને કોર્ટ દ્વારા રદ કરાતા યુવાનો મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે કેટલી અફવાઓ વચ્ચે બિન સચિવાલયની પરીક્ષા નહી લેવાય તેવી ચર્ચાઓએ જોર પકડ્યુ હતુ. પરંતુ ગૌણ સેવાએ પરીક્ષા નક્કી કરેલ તારીખ અને સમય મુજબ જ લેવાશે તેવુ જણાવ્યું છે.

## હત્યાના પ્રયાસના ગુનામાં પાંચ વર્ષથી વોન્ટેડ બે શખ્સો પકડાયા

### આર.આર. સેલ હત્યાના ગુનાની તપાસ માટે ગઈ ત્યારે કલોલ તાલુકાના અન્ય ગુનામાં વોન્ટેડ બંને મળી આવ્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર રેન્જ આઈજીપી મનોજ શશીધરની સુચનાથી આર.આર. સેલના પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમ સે-૨૧ પોલીસ સ્ટેશનની હદમાં ગત વર્ષે થયેલી એક હત્યાની તપાસ માટે મધ્યપ્રદેશ ગઈ હતી.

ટીમ તપાસમાં હતી દરમિયાન કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં પાંચ વર્ષ પહેલા હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો હતો તે ગુનામાં પાંચ વર્ષથી નાસતા ફરતા બે આરોપીઓની માહિતી હે. કોન્સ્ટેબલ જોગીન્દરસિંહે મેળવી હતી. પવન ઉર્ફે પીન્કુ ભાઈલાલ રાવત અને ગંગારામ ઉર્ફે પંગુ રામલાલ રાવત બંને વોન્ટેડ આરોપીઓ મધ્યપ્રદેશમાં મળી આવતા ધરપકડ કરી કલોલ તાલુકા પોલીસને સોંપવામાં આવ્યા છે.



સે-૭ યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગણેશોત્સવમાં મંગળવારે પ્રક્ષાચક્ષુ બાળકોએ ભજન તેમજ લોકગીતો રજુ કરી ભાવિકોને દંગ કરી દીધા હતા. આ તબક્કે જાણીતા અભિનેતા નરેશ કનોડીયાએ હાજરી આપી શ્રીજીની આરતીનો લાભ લીધો હતો. બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા.યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના ડો હાર્દીક તલાટી તેમજ અન્ય યુવાનોની ટીમ દ્વારા ભકિત અને સેવાના સમન્વય સાથે ગણેશોત્સવની પારિવારિક ઉજવણીને વધુ ભવ્ય અને દિવ્ય બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ઉવારસદ ગ્રામ પંચાયતની મુલાકાત લેતા પંચાયતરાજ સચિવ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાની ઈ-ગ્રામ ઉવારસદ ગ્રામ પંચાયતની આજરોજ કેન્દ્ર સરકારના પંચાયતરાજના સચિવ જે.એસ. માથુરે મુલાકાત લીધી હતી. સચિવ જે.એસ. માથુર અને અધિક મુખ્ય સચિવ એ.કે. ગોહેલે ઈ-ગ્રામ ઉવારસદ ગ્રામ પંચાયતની મુલાકાત દરમ્યાન ઈ-ગ્રામ પંચાયતની કાર્યપદ્ધતિ, ડી.ડી.ઓ. અને ટી.ડી.ઓ. પોર્ટલ, ગ્રામ એકાઉન્ટીંગ પ્રોજેક્ટ અને વિવિધ વિકાસ કામોની વિસ્તૃત માહિતી મેળવી હતી. તેમજ પંચાયતનું અદ્યતન સુવિધાઓથી સજ્જ ભવન પીપીપી મોડેલથી તૈયાર થયેલ હોવાથી જાણી સચિવ માથુર ખુબ જ પ્રભાવિત થયા હતા. તેમણે મુલાકાત દરમ્યાન ગામના સરપંચ બી.બી. ઠાકોર, ગ્રામ પંચાયતના સભ્યો અને ઉપસ્થિત ગામના વડીલો અને યુવાનો સાથે ઉત્સાહપૂર્વક વાતચીત કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ, નાયબ વિકાસ કમિશનર જે.આર. ડોડિયા, મદદનીશ વિકાસ કમિશનર જે.એ. ગોહિલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી એ.જે. પટેલ, જિલ્લા આંકડા અધિકારી એન.જી. પટેલ, જિલ્લા પંચાયતના હિસાબી અધિકારી એચ.સી. પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૨જી ઓક્ટોબરથી જેનરીક સ્ટોરનો પ્રારંભ

### મુખ્યમંત્રીના હસ્તે દવાના સ્ટોરનું ઉદ્ઘાટન થશે

ગાંધીનગર હોસ્પિટલ સંકુલ ખાતે જેનરીક દવાના સ્ટોરનો પ્રારંભ આગામી તા. ૨જી ઓક્ટોબરના રોજ થશે. રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીના હસ્તે આ દવાના સ્ટોરનું ઉદ્ઘાટન કરવામાં આવશે. જેનરીક દવાના સ્ટોરની કામગીરી માં ઝડપ આવી ગઈ છે. તાજેતરમાં જીએમએસસીએલના એમડી વિપુલ મિત્રા પણ દવાના સ્ટોરને અનુલક્ષીને હોસ્પિટલની ઉડતી મુલાકાતે આવ્યા હતા. જયારે આગામી સમયમાં રાજયના મંત્રી શંકરભાઈ ચૌધરી પણ ગમે ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લે તેવા અણસાર છે જેને પગલે સિવિલ તંત્ર દ્વારા કર્મચારીઓને જરુરી સુચનો કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરના સિનિયર સિટીઝનોની માંગ હતી કે હોસ્પિટલ સંકુલમાં જેનરીક દવાનો સ્ટોર હોય, તંત્ર દ્વારા છેલ્લા ઘણા સમયથી જગ્યાની શોધખોળ પણ ચાલી રહી હતી. જુસીકાની કાર પાર્કીંગની જગ્યા હતી ત્યાં સંકુલમાં જેનરીક દવાના સ્ટોર માટે જગ્યા પસંદ કરાઈ છે.આ સ્થળની મુલાકાત પણ ઉચ્ચ અધિકારીઓ લઈ ગયા છે. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એચએમએલ અને જીએમએસસીએલ વચ્ચે કરારો થયા છે. જેને અનુલક્ષી રાજયમાં વિવિધ હોસ્પિટલમાં જેનરીક દવાના સ્ટોર ખુલવા પામશે. પરંતુ ગાંધીનગર શહેરની હોસ્પિટલ પ્રથમ છે જેમાં સંકુલમાં જેનરીક દવાનો સ્ટોર હશે. દર્દીઓને જેનરીક દવા અન્ય દવા કરતા પ્રમાણમાં સસ્તી પણ પડશે. તાજેતરમાં દવાના સ્ટોરની મુલાકાતે જીએમએસસીએલના એમડી વિપુલ મિત્રા અને એચએમએલના અધિકારીઓએ સ્થળની મુલાકાત કરી હતી. ત્યારબાદ વિપુલ મિત્રાએ હોસ્પિટલના અધિકારીઓને જરુરી સુચનો કર્યા હતા. જયારે તા. ૨જી ઓક્ટોબરના રોજ ઉદ્ઘાટન હોવાથી કામ પુરજોશમાં શરુ કરવામાં આવ્યું છે. હોસ્પિટલ તંત્રએ આ અંગે કવાયત તેજ કરી છે. આ સ્ટોરની મુલાકાતે મંત્રી શંકરભાઈ ચૌધરી પણ ગમે તે ઘડીએ આવે તેવી શકયતાઓ છે. જેને પગલે હોસ્પટલ તંત્રને પણ સાબદુ કરી દેવાયું છે. હોસ્પિટલના પીઆઈયુ વિભાગ દ્વારા આ સ્થળને યોગ્ય મરામત, કલર, લાઈટીંગ, શેડ સહિતની સુવિધા ઉભી કરવાના સુચનો આપી દેવામાં આવ્યા છે.

## આજથી રાંધેજા રોડ પર મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો પ્રારંભ

### ચાર દિવસ ચાલનાર સેવા કેન્દ્રમાં દરરોજ સાંજે ગરબા યોજાશે : રતનસિંહ વાઘેલા સહિત સુપ્રસિધ્ધ ફિલ્મ કલાકારો અને ગાયકો પધારશે

ગાંધીનગરના મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર દ્વારા રાંધેજા માર્ગ પર પરંપરા ગાર્ડન રેસ્ટોરન્ટ સામે મહાકાળી મંદિર ખાતે મહાપ્રસાદ સેવા કેન્દ્રનો તા. ૮મી સપ્ટેમ્બર ગુરુવારે સવારે ૮.૩૦ કલાકે પ્રારંભ કરાશે. આ મહાપ્રસાદ કેન્દ્રનું ઉદઘાટન બાલવાની ગીરનારી આશ્રમના પરમવિદુષી બાલયોગીની સાધ્વી પૂ.ગીતા દીદીના હસ્તે કરાશે. તા. ૮મીથી તા. ૧૧મી સપ્ટેમ્બર સુધી ચાર દિવસ માટે ચાલનાર આ સેવા કેન્દ્ર ખાતે દરરોજ સાંજે ગરબાનો કાર્યક્રમ યોજાશે. જેમાં વિવિધ મશહુર કલાકારો ઉપસ્થિત રહેશે.

મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ખાતે અંબાજી જતા પદયાત્રીઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવશે. મહાપ્રસાદ કેન્દ્ર ખાતે તા. ૮મી સપ્ટેમ્બરે સાંજે ગુજરાતી ફિલ્મ અભિનેતા અને ગાયક બેલડી પ્રકાશ રાઠોડ તથા હરેશ રાવત ગૃપ દ્વારા ગરબા યોજાશે જયારે તા. ૯મી સપ્ટેમ્બર શુક્રવારે સાંજે પણ તેમના ગરબાનો કાર્યક્રમ યોજાશે જેમાં પાટણનું પંચમ ઈન્ટરનેશનલ ગૃપ ગાયક દર્શના વ્યાસ સાથે મહેમાન કલાકાર તરીકે સાથ આપશે. તા. ૧૦મી સપ્ટેમ્બરે શનિવારે સાંજે સુપ્રસિધ્ધ ગુજરાતી ફિલ્મ કલાકાર તથા ગાયક રતનસિંહ વાઘેલા અને ગાયક કિરણ સોલંકી દ્વારા ગરબાનો કાર્યક્રમ પ્રસ્તુત થશે જેમાં સુપ્રસિધ્ધ ગાયક કિંજલ દવે મહેમાન કલાકાર તરીકે સાથ આપશે.



લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા સાહિત્યક મિલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન કચ્છના લેખક ઉમરશી પરમાર સંપાદિત 'શ્રુતિ-સ્મૃતિ પ્રસ્તુતિ' પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. જેમાં લેખિકા સત્યા પઢિયાર, ગુજરાતના જાણીતા કવિ દલપતભાઈ પઢિયાર, નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક અને જાણીતા લેખક નટુભાઈ પરમાર તથા સમાજના અગ્રણી પ્રકાશ મગનલાલ બારોટ અને નિલેન્દુ વોરા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે દિપક પટેલે આભારદર્શન કર્યુ હતુ.

# ગણેશોત્સવથી ગાંધીનગર વાયબ્રન્ટ નજારો



ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં ગણેશમહોત્સવનો અનેરો મહિમા જામ્યો છે. ગાંધીનગર શહેરના સેકટરોમાં તેમજ મંદિરોમાં વિશેષ ગણેશ મહોત્સવનું આયોજન કરાયું છે. જયારે ૧૦થી વધુ સ્થળોએ તો મોટા આયોજનો કરવામાં આવ્યા છે. શહેરમાં સાંજ ઢળતા જ મહોત્સવમાં વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. જેમા ગણેશ ભકતો મોટીસંખ્યામાં જોવા મળે છે. ગણેશોત્સવને પગલે નગરમાં નવી ચેતના-શકિતનો સંચાર થયો હોય તેવું લાગી રહ્યું છે. ગણેશ મહોત્સવ થી ગાંધીનગર વાયબ્રન્ટ બન્યું હોય તેવું લાગે છે.

ગાંધીનગર શહેર એટલે આમ તો કર્મચારી નગરી તરીકે ઓળખાતું હતું. લોકમાનસ પર રહેલી આ શાંત નગરીની છાપ છેલ્લા કેટલાક સમયથી ભવ્યાતિભવ્ય કાર્યક્રમને પગલે ભુંસાતી ગઈ છે. વાયબન્ટ ગુજરાતના કાર્યક્રમો ગાંધીનગરમાં યોજાતા શહેર પણ જાણે વાયબ્રન્ટ બની જતું હતું. સરકારી કચેરીઓ હોવાથી કર્મચારીઓ કામ કરીને ઘરભેગા થતા નગરી સુમસામ બની જાય છે. ગાંધીનગર કર્મચારી નગરમાંથી શિક્ષણ નગરી, સાંસ્કૃતિક નગરી બની જવા પામી છે. પહેલા કરતા નાગરીકોની વસ્તીમાં પણ વધારો થતા રાત્રીના સમયે પણ ચહલ પહલ જોવા મળી રહી છે. વર્ષમાં સામાન્ય દિવસોમાં તો શહેર નવરાત્રીના સમયથી વાયબ્રન્ટ બને છે ત્યારબાદ દિવાળી સુધી શહેર વાયબ્રન્જ રહે છે. જયારે શહેરમાં આ વર્ષે શહેરમાં ગણેશ મહોત્સવથી જ વાયબ્રન્ટનો નજારો જોવા મળે છે. શહેરમાં સેકટરોમાં તેમજ વિવિધ મંદિરોમાં ગણેશ મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ૧૦ જેટલા સ્થળોએ તો સુંદર મોટા આયોજનો કરાયા છે જે જોઈને નાગરીકો પણ દંગ રહી જાય છે. સેકટર-૨, ૩, ૫, ૬, ૭, ૧૨, ૨૨, સહિતના સેકટોરમાં ગણેશ મહોત્સવનું આયોજન કરાયું છે. આ મહોત્સવમાં સુંદરકાંડના પાઠ, ભજન-કિર્તન, રાસ-ગરબા, ડાયરો, હાસ્ય સંમેલન, નૃત્ય સ્પર્ધા, નાટક, ૧૦૮ દિવડાની આરતી સહિતના કાર્યક્રમો યોજાય છે. ગણેસોત્સવમાં વરસાદનું વિઘ્ન ન આવે તે માટે આયોજકો દ્વારા સુંદર વોટરપ્રુફ ડોમ તૈયાર કરાયા છે જેમાં પંખા નીચે બેસીને ભકતો કાર્યક્રમની મોજમાણી શકે. સેકટોરમાં આયોજીત ગણેશ મહોત્સવના કાર્યક્રમમાં સાંજ ઢળતા જ ઘરમાં પુરાઈ રહેતા ભકતો મોટીસંખ્યામાં આવતા અનેરો માહોલ જામે છે. વિવિધ કાર્યક્રમો જોવા માટે એક સ્થળેથી બીજા સ્થળે જાય છે. શહેરમાં આવેલા તમામ મહોત્સવમાં મેળા જેવો માહોલ જોવા મળે છે. જયારે



ડાયરાની મોજ અને ગરબાની રમઝટ વચ્ચે શહેરમાં અલગ માહોલ જોવા મળ્યો છે. મોડીરાત સુધી મહોત્સવમાં બેસીને કાર્યક્રમની મજા માણતા ભકતોને લીધે શહેરમાં વાયબ્રન્ટનો નજારો જોવા મળ્યો છે. વિવિધ તહેવારોને પગલે આ વાયબ્રન્ટ નજારો દિવાળી સુધી જળવાઈ રહેશે.

## આસિયા દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૭

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેક્સ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

જે વિદ્યાર્થીઓએ માર્ચ-એપ્રિલ-૨૦૧૬માં ઈજનેરી અને આર્કિટેક્ટની પરીક્ષા પ્રથમ પ્રયાસે કોઈપણ ફેકલ્ટીમાંથી પસાર કરી હોય અને ગાંધીનગર તથા તેની આજુબાજુમાં સમાવિષ્ટ કરેલા ગામોમાં નિવાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓને ગુણપત્રક નામ, સરનામુ, ટે. નંબર તેમજ પાસપોર્ટ સાઈઝ બે ફોટોગ્રાફ સહિત સંસ્થાના મંત્રી હસમુખ બી. શાહ ૪૬૫-એ-૧ ગોકુલ સોસાયટી, સે. ૮ ખાતે ૩૦ સપ્ટેમ્બર સુધી મોકલી દેવા જણાવાયું છે.